૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,

ગુજરાત રાજ્ય
વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર-૩૮૨૦૧૦
E mail address:-supt-tc-dat@gujarat.gov.in

હિતિનિ/ટીસી/ફા.નં.૧૩૪/ક્વાંટમ પેન્શન/ ૫૪૯૫ - ૫૫૩૦ તા.૧૧/૯/૨૦૧૪

વિષય:- ઉમર આધારીત પેન્શન શરૂ કરતા પહેલા પેન્શનરની જન્મ તારીખની ચકાસણી કરવા બાબત
સંદર્ભ:- ૧) નાણા વિભાગનો તા.૧૩/૪/૨૦૦૯ નો ઠરાવ નં.પીજીઆર/૧૦૦૯/પે સેલ/(એમ)
૨) નાણા વિભાગનો તા.૨૭/૭/૨૦૦૯ નો ઠરાવ નં.પીજીઆર/૧૦૦૯/૪/પી

પરિપત્ર નં. ૧૩ /૨૦૧૪

આથી જણાવવાનુ કે નાણા વિભાગના તા.૧૩/૪/૨૦૦૯ ના સંદર્ભ (૧) દર્શિત ઠરાવથી વયોવૃદ્ધ તમામ પેન્શનરોને ૮૦ વર્ષ પુર્ણ થયા પછી દર પાચ વર્ષે ૨૦% થી ૧૦૦% સુધી નિયત દરેં વધારાનુ માસિક પેન્શન ચુકવવાની જોગવાઈ કરવામા આવેલ છે.

(૧) હાલમા કેટલીક તિજોરી કચેરી ખાતે **સેવા પેન્શનરો**, જેઓની જન્મ તારીખ પેન્શન રેકર્ડમા ઉપલબ્ધ હોવા છતા, ઉમરની રેકર્ડ આધારીત યોગ્ય ચકાસણી કર્યા વગર IFMS પ્રોગ્રામમા પેન્શનરની દાખલ કરેલી જન્મ તારીખ ના આધારે પેન્શનરોને ઉમર આધારીત પેન્શન મંજુર કરવામા આવે છે.હકીકતે IFMS પ્રોગ્રામમા ડેટા એન્ટ્રી સમયે જ તારીખ ખોટી નાખવાથી પેન્શનરોને વધુ ચુકવણા થયાનુ ધ્યાને આવેલ છે.જે યોગ્ય નથી. આથી પેન્શનરની પીપીઓમા દર્શાવેલ જન્મ તારીખ, સાથે IFMS પ્રોગ્રામમા દર્શાવેલ જન્મતારીખની યોગ્ય અને પુરતી ચકાસણી સંબધિત ઓડીટર /અધિક્ષક/અધિક તિજોરી અધિકારી દ્વારા થયા બાદ પેન્શનરને ઉમર આધારીત પેન્શનની અધિકૃતિ પાઠવવા જણાવવામા આવે છે.જે માટે ફકરા (૨) મા જણાવેલી કચેરી નોંધ દરેક તિજોરી કચેરીએ નિભાવી સંબધિત પેન્શનરના રેકર્ડમા જાળવવાની રહેશે.

(૨) **કુટુમ્બ પેન્શનરોને**,જેઓની જન્મ તારીખ પેન્શન રેકર્ડમા ઉપલબ્ધ નથી, તેઓને ઉમર આધારીત વધારાનુ પેન્શન મંજુર કરવા માટે,તેઓ પાસેથી ઉમરના પુરાવા અંગે ક્યા ક્યા પ્રમાણપત્રો માન્ય રાખવાના છે? તે માટે સંદર્ભ (૨) દર્શિત ઠરાવથી જોગવાઈ કરવામા આવેલ છે.જેથી તિજોરી ખાતે કોઈપણ પેન્શનરને અધિકારી દ્વારા કોઈ પણ પેન્શનરને ઉમર આધારીત વધારાનુ પેન્શન મંજુર કરતા પહેલા, જન્મ તારીખના નિયત થયેલા પુરાવાને ધ્યાને લઈને ઉમર આધારીત વધારાનુ પેન્શન મંજુર કરેલ હોવાનુ પ્રતિપાદિત થઈ શકે તે હેતુસર કચેરી રેકર્ડ પર આ સાથે સામેલ નમુનામા નોંધ પર લઈ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.આ મંજુરી નોંધ સંબધિત પેન્શનરના પેન્શન રેકર્ડમા કાયમી ધોરણે જાળવવાની રહેશે.

સંયુક્ત નિયામક
11-9.14

પ્રતિ,
શ્રેયાન /જિલ્લા/ તિજોરી અધિકારીશ્રી,પેન્શન ચુકવણા કચેરી ......................................
નકલ રવાના:-

- નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી(પેન્શન).હિ.તિ.નિ.કચેરી,ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ

# તિજોરી કચેરીના ઉપયોગ માટે

આ સાથે આ કચેરીમાથી પેન્શન મેળવતા પેન્શનરશ્રી/શ્રીમતી ............................................પીપીઓ નં............................................ની અરજી સાથે જોડાણમા મળેલ જન્મતારીખના પુરાવા અંગે ............................................ની ખરી નકલ રજુ કરતા તેઓની જન્મ તારીખ ................................જણાય છે.જે ગ્રાહ્ય રાખી પેન્શન રેકર્ડમા જરૂરી નોંધ કરવા આદેશાર્થે રજુ.

૧) પીપીઓ (જેમા જન્મતારીખ દર્શાવેલ હોય)

૨) સક્ષમ અધિકારીનો જન્મ તારીખનો દાખલો

૩) પાસપોર્ટ

૪) ડ્રાઈવીંગ લાઈસન્સ

૫) શાળ્યા છોડ્યાનુ પ્રમાણપત્ર

૬) પાનકાર્ડ

૭) ચુટણીપંચનુ ઓળખકાર્ડ

૮ કેન્દ્ર કે રાજ્ય સરકારની કોઈપણ યોજના હેઠળ કે તેની કોઈ સ્વાયત્ત સંસ્થા દ્વારા આપવામા આવેલ ઓળખકાર્ડ કે જેમા જન્મતારીખ હોય

કારકુન ના.હિસાબનીશ હિસાબનીશ અધિક/જિલ્લા/તિજોરી અધિકારી